# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,

## જિલ્લા રમત-ગમત અધિકારી,ગાંધીનગર

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-21, ગાંધીનગર

E-mail- dso-sycd-gngr@gujarat.gov.in


ક્રમાંક:જિરગઅ/KMKરાજયકક્ષા/ ૩૮૨૪ થી ૩૮૮૨/ ૨૦૨૫-૨૬ તા.૨૯/૧૨/૨૦૨૫

BY-E-MAIL

**KMK રાજયકક્ષાની અબવ-૪૦,૬૦ (ભાઈઓ/બહેનો) લોન-ટેનિસ સ્પર્ધા પરિપત્ર**

સ્પર્ધા તારીખમાં સુધારો

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજય

**વિષય :- ખેલમહાકુંભ-૨૦૨૫-૨૬ રાજયકક્ષાની અબવ-૪૦ તથા ૬૦ (ભાઈઓ/બહેનો) લોન-ટેનિસ સ્પર્ધામાં ભાગ લેવા અંગેનો પરિપત્ર**

**સંદર્ભ :- પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા:૨૪/૧૨/૨૦૨૫નાં પત્ર અન્વયે**

**શ્રીમાનશ્રી,**

સવિનય સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત **રાજયકક્ષાની અબવ-૪૦,૬૦ (ભાઈઓ/બહેનો) સ્પર્ધાનું સંભવિત આયોજન તા:૧૬/૦૧/૨૦૨૬ થી તા:-૧૯/૦૧/૨૦૨૬ સ્પર્ધા સ્થળ: સચિવાલય જીમખાના સેકટર-૨૧,ગાંધીનગર શહેર ખાતે કરવામાં આવેલ છે.** જે અંગે આપના જિલ્લાના **અબવ-૪૦,૬૦** માટે લોન-ટેનિસ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશન KMK ID સાથેની એન્ટ્રી **તા.૧૦/૦૧/૨૦૨૬** સુધીમાં ફરજિયાત dso-sycdgngr@gujarat.gov.in પર મોકલી આપવાની રહેશે. તેમજ ભાગ લેનાર ટીમને નીચે મુજબના સ્થળે ઉપસ્થિત રહેવા ખેલાડી-કોચ/મેનેજરશ્રી/વ્યાયામ શિક્ષકશ્રીને જાણ કરવાની રહેશે.

**ખેલમહાકુંભ-૨૦૨૫ રાજ્યકક્ષા લોનટેનિસ સ્પર્ધા કાર્યક્રમ- ૨૦૨૫-૨૬**

**સ્પર્ધા સ્થળ: સચિવાલય જીમખાના સેકટર-૨૧,ગાંધીનગર શહેર**

| ક્રમ | વયજુથ | ઈવેન્ટ | રીપોર્ટીંગ તારીખ | રીપોર્ટીંગ સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | અબવ-૬૦ભાઈઓ અને બહેનો | સિંગલ્સ/ડબલ્સ/મિક્ષ ડબલ્સ | તા:૧૭/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૧૮/૦૧/૨૦૨૬ (રવિવાર) | સવારે ૦૭:૦૦ કલાકે |
| ૨ | અબવ-૪૦ બહેનો | સિંગલ્સ/ડબલ્સ/મિક્ષ ડબલ્સ | તા:૧૮/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૧૯/૦૧/૨૦૨૬ (સોમવાર) | સવારે ૦૭:૦૦ કલાકે |
| ૩ | અબવ-૪૦ ભાઈઓ | સિંગલ્સ -ડબલ્સ | તા:૧૯/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૨૦/૦૧/૨૦૨૬ (મંગળવાર) | સવારે ૦૭:૦૦ કલાકે |

| |
|---|
| **નિવાસ સ્થળ:** સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,(SAG) હોસ્ટેલ,સેકટર-૧૩/બી,ખ-૩ સર્કલ નજીક મહાત્મા મંદિર રોડ,ગાંધીનગર |
| **નિવાસ સંપર્ક નંબર: ૧. ડાહ્યાભાઈ મો.૯૯૨૪૦૮૩૨૭૪ ૨. ધ્રુવીસ ચૌધરી મો.૮૪૬૦૮૫૭૨૩૩** |

(પાછળ)

# <u>સ્પર્ધા અંગેની જરૂરી સુચનાઓ</u>

- ❖ ઓપન એજ ગ્રુપ, અબવ-૪૦, અબવ-૬૦ ભા/બ સિંગલ્સ ઈવેન્ટમાં પ્રથમ ૨ ખેલાડીઓ અને ડબલ્સ ઈવેન્ટમાં પ્રથમ ટીમને ભાગ લેવા મોકલવાની રહેશે.
- ❖ ઓનલાઈન KMK ID નંબરવાળા સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- ❖ સ્પર્ધાના દરેક ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે.
- ❖ ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
- ❖ સ્પર્ધાના દરેક ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મ **DSOશ્રી અને DSDOશ્રીના** સંયુક્ત સહી-સિક્કા સાથે લાવવાનું રહેશે.
- ❖ ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત આધાર કાર્ડ અને જન્મ પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.
- ❖ પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
- ❖ દરેક ખેલાડીએ પોતાની બેન્ક ખાતાની વિગતો સાથે લાવવાની રહેશે.(કેન્સલ ચેક અથવા બેન્ક પાસબૂકની ફોટોકોપી)
- ❖ સ્પર્ધા/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકસાનની પૂરેપૂરી રકમ જે તે ભરપાઈ કરવાની રહેશે.
- ❖ દરેક ખેલાડીએ પોતાની ફીટનેશ અંગેનું પ્રમાણપત્ર MBBS ડૉક્ટરનું પ્રમાણપત્ર સાથે લાવવાનું રહેશે.
- ❖ સ્પર્ધા દરમિયાન જો કોઈ ઈજા કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે
- ❖ જિલ્લામાંથી આવતા ખેલાડીઓ,કોચીઝ અને મેનજર સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિ.
- ❖ ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિંમતી સામાન સાથે લાવવો નહીં અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
- ❖ સ્પર્ધામાં આવનાર ખેલાડીઓએ વાલીનું સંમતિપત્ર સાથે લાવવાનું રહેશે.
- ❖ **આપના જિલ્લામાંથી આવનાર ખેલાડીઓએ ફરજીયાત સરકારી બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી કરીને જ સ્પર્ધા સ્થળ પર પહોંચવાનું રહેશે. સરકારી વાહનમાં મુસાફરી ન કરેલ હોય તેવા સંજોગોમાં પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.**
- ❖ આ સ્પર્ધા ટેનિસ એસોસીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- ❖ સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે
- ❖ સ્પર્ધા દરમિયાન પસંદગી સમિતીનો નિર્ણય આખરી ગણાશે તેને પડકારી શકાશે નહિ.
- ❖ ખેલાડીઓ, કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
- ❖ ભાઈઓની ટીમ સાથે ભાઈઓએજ કોચ/મેનેજર તેમજ બહેનોની ટીમ સાથે બહેનોએજ કોચ/મેનેજર તરીકે આવવાનું રહેશે જેની ખાસ નોધ લેવી(અન્યથા વ્યવસ્થા કરવામાં આવશે નહી)
- ❖ **ખેલાડીએ રમતને અનુરૂપ કીટ સાથે લાવવાની રહેશે.**

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**ગાંધીનગર**

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત ગમત અધિકારી**
**ગાંધીનગર**

**<u>સ્થળ</u>**

**<u>સવિનય નકલ રવાના જાણ સારું:</u>**

૧ માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૨. માન. કલેક્ટરશ્રી, ગાંધીનગર
૩. માન.કમિશનરશ્રી,ગાંધીનગર મહાનગરપાલિકા
૪ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ગાંધીનગર
૫ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગર
૬ માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૭ માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક/માધ્યમિક)ગાંધીનગર
૮ માન, નાયબ માહિતી નિયામકશ્રી, વિનામૂલ્યે સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૯ મેડીકલ ઓફિસર, GMC જી.ગાંધીનગર શહેર
૧૦ પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજય લોન ટેનિસ એશોસીએશન
૧૧ પ્રમુખ/મંત્રીશ્રી, ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ.
૧૨ મેનેજરશ્રી આસીસ્ટન્ટ સચિવાલય જીમખાના સેકટર-૨૧,ગાંધીનગર શહેર (મેદાન/કોર્ટ અંગેની તમામ સુવિધા પૂરી પાડવા સારૂ)
૧૩ હોસ્ટેલ મેનેજર,સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત(SAG) હોસ્ટેલ (નિવાસ અંગેની વ્યવસ્થા કરવા સારૂ)
૧૪ પસંદગી ફાઈલ